# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## પરિપત્ર નં. ૧૨૬ તા. ૧૧-૦૩-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ વિભાગ(MHRD)દ્વારા ચાલુ વર્ષ ૨૦૧૯-૨૦ માં UDISE વિસ્તૃત કરી ઓનલાઈન UDISE+ (Extended UDISE)કરવામાં આવેલ છે.MHRDની સૂચના અન્વયે ચાલુ વર્ષ ૨૦૧૯-૨૦ની તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની માહિતી UDISE+અંતર્ગત મેળવવાની થાય છે.

સર્વ શિક્ષા અભિયાનતેમજ રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન યોજના અન્વયે જિલ્લા કક્ષા તેમજ રાજ્ય કક્ષાએ પ્રાથમિક,ઉચ્ચતર પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના શૈક્ષણિક આયોજન માટે તૈયાર કરવામાં આવતા વાર્ષિક અંદાજપત્રમાં તથા શૈક્ષણિક નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતિ વિષયક નિર્ણયો લેવામાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ડાયસની માહિતીને આધારભૂત ગણી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

<u>શિક્ષણનો અધિકાર અધિનિયમન -૨૦૦૯ ની કલમ -૧૨ (૩) તથા ગુજરાત રાઈટ ટુ એજ્યુકેશન રૂલ્સ ૨૦૧૨ માં નિયમ -૧૩ (૧)(જ)(ઝ) અને તે સાથેના પરિશિષ્ટ-૨ ના નમુના -૨ ની શરતોની શરત -૧૦ અને ૧૭ અનુસાર દરેક શાળાઓને આ માહિતી આપવી ફરજિયાત છે.આ અંગે ઉપરોક્ત તમામ શાળાઓની નોંધણી યુ-ડાયસ અંતર્ગત થવી જરૂરી છે. અન્યથા શાળાની માન્યતા રદ થયી શકે છે.</u>

૧. તમામ શાળાઓએ ડાયસ ફોર્મમાં શાળાકીય માહીતી, શાળાની ભોતિક સુવિધાઓ અને સાધનોની માહીતી, શિક્ષકો અને ઈન્સ્ટ્રક્ટરની માહિતી (મુખ્ય શિક્ષક સહિત),નવુ નામાંકન ધોરણ-૧ નીમાહિતી, ચાલુ શૈક્ષણિક વર્ષનું નામાંકન (સામાજિક જાતિ પ્રમાણે),ચાલુ શૈક્ષણિક સત્રમાં ધોરણવાર નામાંકન (ઉમર પ્રમાણે) તથા મીડીયમ પ્રમાણે નામાંકન (તમામ) તમામ માહીતી, વિશિષ્ટ જરુરીયાત ધરાવતા (C.W.S.N) બાળકોની માહિતી ફરજીયાત સ્પષ્ટ અને સાચી ભરવાની રહેશે.

૨. શિક્ષકો અને ઈન્સ્ટ્રક્ટરની માહિતીમાં શિક્ષકોને આધારકાર્ડ તથા શિક્ષકોના મોબાઈલ નંબરની માહિતી આપવી ફરજિયાત આપવાની રહેશે.અન્યથા જે શિક્ષકોનો આધારકાર્ડ ,મોબાઈલ નંબરની માહિતી આપવામાં આવેલ નહી હોય તે શિક્ષકોની જેતે શાળામાં એન્ટ્રી કરવામાં આવશે નહી. શાળાના વહીવટી સ્ટાફ અને પ્રવાસી શિક્ષકો,કોન્ટ્રાક્ટ શિક્ષકોની માહિતી ડાયસફોર્મમાં દર્શાવવી નહી..

૩. આપની શાળાનું યુ-ડાયસ ફોર્મમાં પત્રકમાં -ચાલુ શૈક્ષણિક વર્ષનું નામાંકન (સામાજિક જાતિ પ્રમાણે),ચાલુ શૈક્ષણિક સત્રમાં ધોરણવાર નામાંકન (ઉમર પ્રમાણે) તથા મીડીયમ પ્રમાણે નામાંકન (તમામ) આપની શાળાએ આધાર ડાયસમાં કરેલ બાળકોની એન્ટ્રી મુજબ ભરવાની રહેશે. આધાર ડાયસમાં તે મુજબ બાળકોની એન્ટ્રીની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીઓની રહેશે.

૪. યુ-ડાયસ ફોર્મમાં શાળાના વિવરણમાં એસ.એમ.સી.ના સભ્યોની સંખ્યાની વિગતો તથા એસ.એમ.સી. બેંકનું નામ, શાખાનું નામ, ખાતાનું નામ ,ખાતાનંબર તથા આઇ.એફ.એસ.સી કોડની વિગતો ફરજિયાત આપવાની રહેશે.

સદર ડાયસ ફોર્મ અંગેની માહિતી યુ-ડાયસ ફોર્મમાં માહિતી આપવાની જવાબદારી શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓની રહેશે.

યુ-ડાયસના ફોર્મ ભરવા માટે અત્રેની કચેરી તરફથી નગર પ્રા.શિ.સમિતિ,અમદાવાદ એસ.એસ.એ કચેરીના (વોર્ડ)કલ્સટરના તમામ સી.આર.સી.કો-ઓર્ડિનેટરને શાળાઓના યુ ડાયસ ફોર્મ આપવામાં આવેલ છે જે તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓએ પોતાના (વોર્ડ)કલ્સટરના સી.આર.સી કો.ઓનો સંપર્ક કરી આપની શાળાનું યુ-ડાયસ ફોર્મ મેળવી માહિતીભરી સી.આર.સી કો.ઓ.ને તા.૨૦/૦૩/૨૦૨૦ સુધીમાં પરત કરવાના રેહશે.

તા.૧૧-૦૩-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી